# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-06-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## કચ્છમાં ગ્રામ પંચાયત ચૂંટણી

આગામી 22 જૂને કચ્છની 166 ગ્રામ પંચાયતની સામાન્ય અને 241 ગ્રામ પંચાયતની યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારોનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થયું છે. જિલ્લામાં 30 ગ્રામ પંચાયત સમરસ થતાં હવે 136 પંચાયતમાં સામાન્ય ચૂંટણી યોજાશે. કચ્છમાં સરપંચ અને સભ્યપદ માટે 1662 ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ જામવાનો છે તેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લા વહિવટી તંત્રમાંથી મળેલી સત્તાવાર વિગત અનુસાર ભુજમાં સાથી વધુ નવ પંચાયત સમરસ થઈ છે, તો અંજારમાં છ, મુંદરામાં પાંચ, ભચાઉ અને માંડવીમાં ત્રણ-ત્રણ રાપરમાં બે અને અબડાસામાં એક પંચાયત સમરસ થઈ છે. સમરસ થયેલી પંચાયતને રાજ્ય સરકાર વિશેષ ગ્રાન્ટ ફાળવી પ્રોત્સાહન પૂરું પાડે છે. કચ્છમાં યોજાનારી ચૂંટણી માટે છેલ્લા દિવસે ઉમેદવારી ફોર્મ ભરવા દાવેદારોનો રીતસરનો રાફડો ફાટયો હતો. સરપંચ અને સભ્યપદ માટે 2977 ફોર્મ ભરાયાં હતાં, જેમાં ચકાસણી દરમિયાન ફોર્મ અમાન્ય ઠરવા સાથે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે અનેક દાવેદારોએ પોતાની દાવેદારી પરત ખેંચતા ગ્રામ પંચાયત ચૂંટણી માટેના ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયું છે.

**---------------------------------------------------------------------------------------**

## રેલલવે : તત્કાલ ટિકિટ

આગામી પહેલી જુલાઈથી માત્ર આધાર પ્રમાણિત ઉપયોગકર્તા જ ભારતીય રેલવેની **I.R.C.T.C.** વેબસાઈટ અને એપ્લિકેશન પર તત્કાળ ટિકિટ બુક કરાવી શકશે. આગામી 15

જુલાઈથી **PRS** કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટ દ્વારા ઑનલાઈન અને તત્કાલ બૂકિંગ માટે **O.T.P.** આધારિત ઓળખ પ્રમાણિકરણ ફરજિયાત કરાયું છે.

તત્કાળ ટિકિટોની વાજબી અને પારદર્શક ઍક્સેસ સુનિશ્ચિત કરવા અને પ્રવાસીઓના હિતનું રક્ષણ કરવાના ઉદ્દેશ સાથે ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ફેરફારોનો હેતુ ઉપયોગકર્તા પ્રમાણિકરણ વધારવા અને યોજનાનો દુરુપયોગ ઘટાડવાનો છે.

---------------------------------------------------------------------------------

રાજ્ય : કોરોના

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં કોરોનાના કેસમાં થતા વધારા વચ્ચે લોકોને સાવચેત રહેવા અપીલ કરી. અમદાવાદમાં માધ્યમો સાથે વાત કરતા તેમણે કહ્યું, રાજ્યમાં કોરોનાને પહોંચી વળવાની તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે. શ્રી પટેલે વરિષ્ઠ નાગરિકોને ભીડવાળી જગ્યાએ ન જવા તેમજ કોરોનાના લક્ષણ ધરાવતા લોકોને નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા પણ જણાવ્યું.

---------------------------------------------------------------------------------

કચ્છ : કોરોના કેસ

કચ્છમાં ધીરે-ધીરે કોરોના સંક્રમણનો વ્યાપ વિસ્તરી રહ્યો છે. જિલ્લામાં ગઇકાલે એક સામટા કોરોનાના 9 કેસ પોઝિટિવ આવ્યા છે.  આરોગ્ય વિભાગમાંથી મળેલી સત્તાવાર માહિતી અનુસાર ભુજમાં  4, અંજારમાં 2, ગાંધીધામમાં 2 અને અબડાસામાં એક કોરોનાનો કેસ નોંધાયો છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા 29 ઉપર પહોંચી છે. કોરોના સંક્રમિત તમામ દર્દીઓ અત્યારે હોમ આઇસોલેશનમાં છે. પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકારે કચ્છમાં કોરોના પરીક્ષણ માટે વધારાની ૫000 કિટ ફાળવી છે, તો આગામી સમયમાં 20,000 કિટ ફાળવવા માટેની દરખાસ્ત પણ રાજ્ય સ્તરે કરવામાં આવનારી છે.

---------------------------------------------------------------------------------

## અમદાવાદ જલ યાત્રા

અમદાવાદમાં આગામી 27 જૂને યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા **ગઇકાલે** જળયાત્રા યોજાઈ. જમાલપુર જગન્નાથ મંદિરથી સોમનાથ ભૂદરના આરે જઈ 108 કળશમાં ભગવાનના સ્નાન માટે જળ લવાયું. જળયાત્રા મંદિરે પરત આવતા મહંત દિલિપદાસજી મહારાજ અને મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા-એ ભગવાનને પવિત્ર જળથી સ્નાન કરાવ્યું. ભગવાન જગન્નાથજી - ભાઈ બળભદ્રજી અને બહેન સુભદ્રાજીને દહીં, મધ, સાકર પંચામૃત સહિતના દ્રવ્યોથી સ્નાન કરાવી તેમની વિશેષ પૂજા-અર્ચના પણ કરવામાં આવી.

**--------------------------------------------------------------------------------**

## કચ્છ કલેક્ટર જાહેરનામું

કચ્છમાં તા.22 જૂને મતદાન, તા.25 જૂને મતગણતરી થવાની છે, જેને લઇને તા.27 જૂને સુધી મંજૂરી વિના કોઈપણ વ્યક્તિ હથિયાર ધારણ કરી શકશે નહીં.

કચ્છમાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ મતદારો પોતાના મતનો ઉપયોગ મુક્ત અને નિર્ભય રીતે કરી શકે, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા મુજબ કલેક્ટર આનંદ પટેલે જાહેરનામું બહાર પાડી જણાવ્યું છે કે, કચ્છની ચૂંટણી હેઠળની તમામ ગ્રામપંચાયતોના મતદાર વિસ્તારમાં અપવાદ સિવાયના કોઇપણ વ્યક્તિએ શસ્ત્ર ધારણ કરી ફરવુ નહીં,

**--------------------------------------------------------------------------------**